# વડોદરાના મહેરબાન જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, ટ્રાફિક કોર્ટ સમક્ષ, મુ.વડોદરા.

GJVD020454902024

| | | |
|---|---|---|
| ફોજદારી કેસ નંબર | :: | ૩૮૭૭૫/૨૦૨૪ |
| આંક | :: | |

| | |
|---|---|
| ફરિયાદી :- | શ્રી સરકાર |

:: વિ રૂ ધ્ધ ::

| | |
|---|---|
| આરોપી :- | **રોહિત રણછોડભાઈ ભરવાડ**<br>રહે.મ.નં.૫૫ ગણેશનગર સોસાયટી, પોદાર વિધાલય પાછળ, ન્યુ સમા રોડ, વડોદરા. |

| |
|---|
| **ગુન્હો : ગુજરાત પોલીસ એકટની કલમ-૯૦(ક) મુજબ.** |

## -:: ચુ કા દો ::-

(૧) સદર કામે ફરીયાદપક્ષ તરફે આરોપી વિરૂધ્ધ ગુજરાત પોલીસ એકટની કલમ-૯૦(ક) મુજબના ગુનાનું ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) સદર કામે ચાર્જશીટ રજુ થતાં ફોજદારી કાર્યરીતિની કલમ-૧૯૦(૧)(બી) પ્રમાણે આરોપી સામે ગુન્હાનું કોગ્નીઝન્સ લઈ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૦૪ અન્વયે સમન્સ ઈસ્યુ કરવામાં આવતાં,આરોપી આ અદાલત સમક્ષ હાજર થયેલ છે. ત્યારબાદ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૦૭ મુજબ આરોપીને પોલીસ તપાસનાં કાગળોની નકલો પૂરી પાડવામાં આવેલ છે. સદર કામના આરોપી હાજર થઈ કબુલાત પુરસીસ રજુ કરી પોતે ગુનો કબુલ કરતા હોવાની હકીકત જણાવેલ છે. ત્યારબાદ આરોપીને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૨૫૧ અન્વયે પ્લી નોંધતા તેમાં પણ આરોપીએ સ્વૈચ્છાએ ગુનો કબુલ હોવાનું જણાવેલ

છે અને વિશેષમાં જણાવેલ છે કે, તેઓ ગરીબ ઈસમ છે, છુટક મુજરી કરી તેમના કુટુંબનું ગુજરાન ચલાવે છે. સદરી ગુન્હો પ્રથમ વખતનો ગુન્હો છે, તેઓ તેમની ભુલ સુધારવા માંગે છે અને ભવિષ્યમાં આવા પ્રકારના કોઈ ગુનાહિત કૃત્ય કરશે નહી તેવી ખાત્રી આપે છે.

(૩) ઉપરોકત રેકર્ડ પર રજુ સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરવામાં હાલના આરોપીનું નિવેદન ધ્યાને લેતાં તેની કબુલાત સ્વૈચ્છિક હોવાનું જણાય છે. કોઈએ તેને કોઈ લાલચ કે પ્રલોભન આપેલ નથી, ગુનાની સજાની જોગવાઈ બાબતે તેને માહીતગાર કરવામાં આવેલ છે. તેમ છતાં પોતે સ્વૈચ્છિક કબુલાત કરતા હોઈ તેની કબુલાત રેકર્ડ કરવામાં આવેલ છે. આમ, આરોપીની રજુઆત તેમજ તેની સામાજીક અને આર્થિક સ્થિતિ અને કેસના જે સંજોગોમાં ગુનો બનવા પામેલ છે. તે તમામ હકીકતને ધ્યાને લેતાં આરોપીને ઓછામાં ઓછી સજા કરવા માટેનો યોગ્ય કિસ્સો જણાય છે અને આ બાબતે **જી.એલ.આર. ૨૦૦૫ નામદાર માનવંત ગુજરાત વડી અદાલતનો નટવર હરચંદ વિ.સ્ટેટ** નો ચુકાદો ધ્યાને લેતાં, આરોપીને આવા કિસ્સામાં ન્યુનતમ સજા કરતાં પણ ઓછી સજા કરી શકાય તેમ હોઈ આરોપીની કબુલાતને ધ્યાને લેતા ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

# //હુકમ//

ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૨૫૨ અન્વયે આ કામના આરોપીને ગુજરાત પોલીસ એકટની કલમ-૯૦(ક) મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી **રૂા. ૨૦૦/- (અંકે રૂપિયા બસો પુરા)** નો દંડ તથા કોર્ટ ઉઠતા સુધીની સજા ફરમાવવામાં આવે છે, અને જો આરોપી દંડની રકમ ભરવામાં કસુર કરે તો **દિન-૩** ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા. **૧૪** માહે : **સપ્ટેમ્બર** સને : **૨૦૨૪** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવીને મારી સહીથી જાહેર કર્યો.

**તા. ૧૪/૦૯/૨૦૨૪**
**સ્થળ : વડોદરા.**

**( એન.જે. કોઠારી)**
**જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**
**(ટ્રાફીક કોર્ટ), વડોદરા.**
**કોડ નં.જીજે ૦૧૬૪૫**

Received Rs______________
Receipt No.______________
Date :14/09/2024

Head Clerk
J.M.F.C, Traffic Court, Vadodara.